GJPM020020562024

Presented on : 10/4/2024
Registered on : 10/4/2024
Decided on : 24/4/2026
Duration : 2 Year,14 Days

*******************************************************

**ગોધરાનાં મહે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી કે.પી.ઠાકોર સાહેબની કોર્ટમા, મુકામ: ગોધરા.**

*******************************************************

**ક્રીમીનલ કેસ નંબર : ૧૩૧૯/૨૦૨૪**

**આંક–**

| **ફરીયાદી :–** | **ઉ.વ.** | **ધંધો** | **રહેવાસી.** |
|---|---|---|---|
| મહેશભાઇ ટી.દોલતાણી | ૫૦ | વેપાર | બીજો માળ,યોગેશ્વર એપાર્ટમેન્ટ,યોગેશ્વર સોસાયટી,ભુરાવાવ ગોધરા. |

**વિરૂધ્ધ**

| **આરોપી :–** | **ઉ.વ.** | **ધંધો** | **રહેવાસી.** |
|---|---|---|---|
| મોહમંદ હનીફ અહમદ ચાંદા | ૫૨ | વેપાર | સી.એમ.ટેલર જુની પોસ્ટ ઓફીસ પાસે, ગોધરા. જી.પંચમહાલ. |

**ગુનો :–** ધી નેગો.ઇ.એકટની કલમ–૧૩૮ મુજબ.

*******************************************************

**ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી એ.એ.સામતાણી.**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી આર.કે.ચૌહાણ.**

*******************************************************

## :: ચુકાદો ::

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આરોપી ફરીયાદીના મિત્ર થાય છે અને આરોપીને નાણાંની જરુર પડતા અને નાણાંકીય મદદ કરવાનુ જણાવતા ફરીયાદીએ આરોપીને તા.૧–૭–૨૦૨૩ ના રોજ રુા.૧,૫૦,૦૦૦/– હાથ ઉછીના આરોપીને આપેલા હતા અને તે રકમ આરોપીએ છ માસમા પરત કરવાનુ વચન આપેલુ. આરોપીએ સમયસર રકમ પરત નહી કરતા ફરીયાદીએ ઉઘરાણી કરેલ જેથી રકમની ચુકવણી પેટે આરોપીએ તા.૨૦–૨–૨૦૨૪ ના રોજનો બેન્ક ઓફ બરોડા વ્હોરવાડ ગોધરા શાખાનો ચેક નં. ૦૦૦૦૪૧ નો રુા.૧,૫૦,૦૦૦/– (અંકે રુપીયા એક લાખ પચાસ હજાર) પુરાનો ચેક ફરીયાદીને લખીને આપેલો અને સદર ચેક બેન્કમા રજુ કરવાથી ચોકકસ કલીયર થઇ જશે રકમ મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આરોપીએ આપેલો અને ત્યારબાદ આરોપીએ આપેલ ઉપરોકત નંબરનો ચેક ફરીયાદીએ તા.૨૧-૨-૨૦૨૪ ના રોજ તેમની એકસીસ બેનક ગોધરા શાખા મારફતે કલીયરીંગ માટે રજુ કરતા બેન્ક ઓફ બરોડા બેન્કે સદર ચેક તા. ૨૨-૨-૨૦૨૪ ના રોજ " ફંડસ ઇનશફીશીયન્ટ " ના શેરાથી ચેક વિના સ્વિકારાયે પરત કરેલ છે અને ફરીયાદીને ચેકનાં નાણાં વસુલ મળેલ નથી.જેથી ફરીયાદીએ આરોપીને તા.૧૮-૩-૨૦૨૪ ના રોજ વકીલશ્રી મારફતે કાનુની નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલાવેલી જે નોટીસ આરોપીને તા. ૨૦-૩-૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે તેમછતા આરોપીએ ચેકની રકમ વસુલ આપેલી નથી. આમ, આરોપીએ ધી નેગો.ઇ.એકટની કલમ.૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય, જેથી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને આરોપીને યોગ્ય સજા ફરમાવવા અરજ ગુજારી છે.

**(૨)** સદર ફરિયાદ રજુ થતાં ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ કલમ.૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કાઢવામા આવ્યો હતો જેની ધોરણસરની બજવણી થતા આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયા છે. આરોપીને ફરીયાદની તથા દસ્તાવેજોની નકલો પુરી પાડવામા આવી હતી તેમજ તે અંગેની ખાત્રી પણ કરવામા આવી હતી, ત્યારબાદ આરોપીની **આંક–૮** થી પ્લી લેવામા આવેલ જે અન્વયે આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર

કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે. જે ટ્રાયલ સમન્સ ટ્રાયેબલ પ્રોસીડીંગ્સથી ચાલેલો છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના લેખીત તથા મૌખિક પુરાવા રજુ કરવામાં આવ્યાં છે.

**<u>(એ) મૌખિક પુરાવો :-</u>**

| **અ.નં.** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરીયાદી મહેશભાઇ ઠાકોરદાસ દોલતાણીનુ સરતપાસનુ સોગંદનામુ. | ૪ |

**<u>(બી) દસ્તાવેજી પુરાવો :-</u>**

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો અસલ તકરારી ચેક. | ૦૯ |
| (૨) | ચેક પરત ફર્યાનો બેન્કનો રીર્ટન મેમો. | ૧૦ |
| (૩) | ફરીયાદીએ આરોપીને આપેલ કાનુની ડીમાન્ડ નોટીસની ઓફીસ કોપી. | ૧૧ |
| (૪) | આરોપીને રજી.પો.એ.ડી.થી કાનુની નોટીસ મોકલાવેલ તે પોસ્ટની વીન્ડો પાવતી. | ૧૨ |
| (૫) | આરોપીને નોટીસ બજી ગયાનો પોસ્ટ ખાતાનો ઓનલાઇન ટ્રેક રીપોર્ટ. | ૧૩ |

ફરીયાદી તર્ફે ઉપરોકત પુરાવા સિવાય વધુ કોઇ પુરાવો રજુ નથી અને આંક-૧૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

**(૪)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપીનુ ક્રી.પ્રો.કોડની કલમ.૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલજેમા આરોપીને તેની સામેના પુરાવા સબંધમા જવાબ નોંધતા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમા તથા સાંભળતા લેવામા આવેલ હોવાની હકીકત કબુલ રાખેલ છે અને બાકીની હકીકતનોનો ઈન્કાર કરેલ છે. આરોપીએ પોતાને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદ તપાસવા નથી તેવુ જણાવેલ છે. વિશેષમા જણાવેલ કે, અમો નિર્દોષ છીએ

અને ચેકનો દુરઉપયોગ કરી અમારી સામે નામદાર કોર્ટમાં ખોટી ફરીયાદ કરેલી છે.

**(૫)** સદર કામે ફરીયાદીના વિ.વ.શ્રીની રજુઆત છે કે, ફરીયાદી અને આરોપી મિત્ર હોય ફરીયાદીએ આરોપીને રુા.૧,૫૦,૦૦૦/- હાથ ઉછીના આપેલા અને જેની માંગણી કરતા આરોપીએ ચેક આપેલો. જે ચેક બેન્કમા સ્વિકારાયા વગર પરત ફરેલો અને ફરીયાદીને પૈસા મળેલા ન હોય, કાયદેસરની નોટીસ આપેલી છતા આરોપીએ પૈસા આપેલા નથી અને જેથી ફરીયાદ કરેલી છે જેમાં આરોપીએ આપેલ અસલ ચેક રજુ કરેલો છે જે સાથે જરુરી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે અને ફરીયાદીએ તેનો કેસ પુરવાર કરેલો હોય આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત છે.

**(૫.૧)** સદર કામે આરોપીના વિ.વ.શ્રી રજુઆત છે કે,આરોપીને હાથ ઉછીની કોઇ રકમ આપેલી નથી.આરોપી અને ફરીયાદી મિત્ર હોય ફરીયાદી પાસે પડી રહેલ સીકયોરીટી પેટેના ચેકનો દુરઉપયોગ કરેલો છે.ફરીયાદી કેસ પુરવાર કરી શકેલા નથી. જેથી આરોપીને છોડી મુકવા વિનંતી કરી છે.

**(૬)** ઉપરોકત મુજબ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા જોતાં કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ફરીયાદવાળો ચેક ફરીયાદીને કાયદેસરના લેણાંની વસુલાત પેટે આપેલ હતો અને સદર ચેક ફરીયાદીએ સમય મર્યાદામાં પોતાની બેન્કના સ્વિકાર થવા માટે જમા કરાવેલ પરંતુ સદર ચેક " ફંડસ ઈનશફીસીયન્ટ " ના શેરા સાથે વિના સ્વિકારાયે પરત ફરેલ અને સમયમર્યાદામાં ફરીયાદીએ આરોપીને કાનુની નોટીસ આપી ચેકની રકમની માંગણી કરેલી તેમછતાં આરોપીએ ચેકની રકમ વસુલ નહી આપી,આરોપીએ ધી નેગો.ઇ.એકટની કલમ.૧૩૮ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

**મુદ્દા નં.૧ :–**

(૮) સૌપ્રથમ હાલના તબકકે મુદ્દા નં.૧ નો નિર્ણય કરતા પહેલા એટલે કે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ.૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવવા માટેના આવશ્યક તત્વો નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના અલગ અલગ ચુકાદાઓથી જાણવાનો પ્રયત્ન કરેલ છે. હાલનાં કેસનાં નિર્ણય માટે નેગો.ઈ.એકટનાં આવશ્યક તત્વો નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારાં તેમના ચુકાદા અપર્ણા એ.શાહ વિરૂધ્ધ શેઠ ડેવલોપર્સ. કે જે ૨૦૧૩(૮) એસ.સી.સી.૭૧ માં ઠરાવેલ છે જે નીચે મુજબ છે.

"In order to constitute an offence under Section 138 of the NI Act, this Court in Jugesh Sehgal v. Shamsher Singh Gogi [(2009) 14 SCC 683 : noted the following ingredients which are required to be fulfilled: (SCC pp. 68788, para 13)"

(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;

**(ii) the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;**

(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

**(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days (now 30 days) of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;**

(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice.

Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કે જે, Basalingppa V/s. Mudibasappa કે જે 2019(5) SCC 418 માં ધી નેગો.ઈ. એકટની કલમ.૧૩૮ મુજબનો ગુનો પુરવાર કરવા માટેના આવશ્યક તત્વો જણાવેલા છે કે જે ફરીયાદી દ્વારાં પુરવાર થયેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય જે ચુકાદાનો પેરા–૨૩ નીચે મુજબ છે.

23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(**ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.**

**(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.**

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden, (v) It is not necessary for the

accused to come in the witness box to support his defence.

(૯) નેગોશીયેબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૮ નાં કેસમાં ફરીયાદપક્ષે આજ કાયદાની કલમ.–૧૧૮ તથા ૧૩૯ મુજબના અનુમાનો અદાલત કરે તેટલો પુરાવો રેકર્ડ પર રજુ કરવાનો હોય છે અને આરોપીએ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનાં સિધ્ધાંત મુજબ પોતાનો બચાવ કરવા માટે તેની સામે કરવામાં આવતાં અનુમાનોનુ ખંડન કરવાનુ હોય છે જે અંગે સંક્ષીપ્તમાં કાયદાની જોગવાઈનું અર્થઘટન તથા નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતોનાં ચુકાદાઓમા પ્રસ્થાપિત કરેલ વિવિધ સિધ્ધાંતોનો સાર નીચે મુજબ છે.

In a prosecution under Sec. 138 of N.I. Act, the court shall presume certain facts against accused upon proof of issuance of cheque by the accused to the complainant in view of Section118 and Section139 of N.I. Act. However such presumptions are not conclusive in nature but they are rebuttable and it is for the accused to rebut such presumption. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities. To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or the accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely. The said presumption can also be rebutted by the accused from the admission made by the complainant in his cross examination

which creates doubt on the prosecution story. It is also well settled that it is not necessary for the accused to step in the witness box in support of his defence in all cases. It is also well settled that section139 imposed an evidentiary burden and not a persuasive burden. So it can legitimately be said that whether presumption stood rebutted or not would depend upon the facts and circumstances of each case. Furthermore it is also well settled that if the accused is not able to rebut the said presumption raised against him, he can be convicted only on the basis of such presumption. And if the accused is able to rebut the presumption, then the onus is again shifted to the complainant to prove his case beyond all reasonable doubt.

(૧૦) આમ, ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને રાખતા ફરીયાદીએ તેનો કેસ પ્રથમદર્શનિય રીતે બતાવવાનો હે છે અને ત્યારે કાયદેસરના અનુમાનોનુ ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે. આ કેસમા રજુ ફરીયાદ અને આંક−૪ થી રજુ ફરીયાદીની સરતપાસ સાથે તેની ઉલટ તપાસ ધ્યાને લેવામા આવેલ છે તેમજ સાથે રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામા આવેલ છે. ફરીયાદી અને આરોપી મિત્ર હોવાનુ બંને પક્ષે સ્વિકૃત હકીકત છે. વધુમાં આંક−૯ વાળો અસલ ચેક આરોપીનો છે અને તે ચેકમાં આરોપીની સહી નથી તેવી કોઇ તકરાર રહેલી નથી ત્યારે આરોપીપક્ષે અનુમાનોનુ ખંડન કરવાનો બોજો રહેલાનુ સ્પષ્ટ રીતે ફલીત થાય છે. વધુમાં ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ વ્યવહાર હાથ ઉછીની રકમ અંગેનો છે અને આરોપીનો ચેક છે ત્યારે ફરીયાદી પાસે આરોપીનો ચેક હોવુ એ ફરીયાદીએ આપેલ હાથ ઉછીના નાણાં અંગેનો ફલીત થતો પુરાવો છે. વધુમાં અસલ ચેક આંક−૯ વાળો રજુ છે તેમા આરોપીની સહીની તકરાર નથી ત્યારે

અન્ય વિગતો અંગે કોઈપણ પ્રકારની શંકા રહેવા પામતી નથી તેમજ ધી નેગો.ઈ.એકટની કલમ.૨૦ મુજબ ચેક ધારણ કરનાર એટલે કે,ચેક હોલ્ડર ચેકમા વિગતો ભરી શકે છે. વધુમાં બચાવપક્ષે ફરીયાદીની સરતપાસ લગત ઉલટ તપાસ કરવામાં આવેલી છે જે વંચાણે લેતા તેમા પણ આરોપી અને ફરીયાદી મિત્ર હોવાનો પુરાવો છે. વધુમા ઉલટ તપાસમાં સ્વિકૃત પુરાવો છે કે, '' મે આરોપીને તા.૧–૭–૨૦૨૩ ના રોજ હાથ ઉછીના નાણાં આપેલા.'' આમ, આરોપીને ફરીયાદીએ હાથ ઉછીના નાણાં આપેલા તે પુરાવાને ઉલટ તપાસથી પણ સમર્થન મળે છે અને ઉલટ તપાસમાં ફરીયાદથી વિપરીત કોઈ પુરાવો આરોપીપક્ષ બતાવી શકેલ નથી. વધુમાં આરોપીપક્ષે સીકયોરીટી પેટેનો ચેક હોવાની દલીલ છે પરંતુ આરોપીપક્ષ ધ્વારાં આ સીકયોરીટી પેટેનો ચેક હોવાનુ માનવા માટેનો કોઈ પુરાવો રજુ રાખેલો નથી કે તે માટે ચેક આપવાનુ કારણ હોય તેવો પણ કોઈ પુરાવો બતાવેલો નથી. જેથી માત્ર સીકયોરીટી પેટે ચેક આપેલો તે કાયદેસરના અનુમાનોનુ ખંડન કરવા માટેનો પુરાવો નથી. આમ,ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ છે.

**(૧૦.૧)** વધુમાં **હિતેન પી. દલાલ વિ. બ્રતિન્દ્રનાથ બેનરજી એ.આઈ.આર ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ ૩૮૯૭** માં ઠરાવેલ છે કે, માત્ર શકય જણાતું અનુમાન કે ખુલાસો નેગોશીયેબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ નું ખંડન ગણી શકાય નહી તેનાં માટે ખુલાસાનો યોગ્ય અને વ્યાજબી પુરાવો હોવો જોઈએ. આ હાથ ઉપરના કેસમાં આરોપી આ અનુંમાનોનું ખંડન કરતો કોઈ પુરાવો બતાવી શકેલ નથી કે ખંડન કરતો કોઈ પુરાવો જણાતો નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુમાનનું સચોટ અને ઠોસ પુરાવાઓથી ખંડન કરી શકેલ નથી તથા ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજો તથા ફરીયાદીની ઉલટતપાસ ધ્વારા પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીના પુરાવાના સિધ્ધાંત મુજબ સાબિત કરેલ નથી. આમ, હાલના કેસમાં રેકર્ડ પરના પુરાવાઓ, બચાવ પક્ષની દલીલો તેમજ ફરીયાદીની ઉલટ તપાસ તથા ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદાઓના આધારે એમ સાબીત થાય છે કે ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરાવાથી નિ:શંકપણે

સાબીત કરવામા સફળ થયેલ છે. ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં.(૧) નો નિર્ણય '' હકારાત્મક '' ઠરાવવામા આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: આખરી હુકમ ::**

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ.૨૫૫(૨) અન્વયે આ કામના **આરોપી મોહમંદ હનીફ અહમદ ચાંદા** નાઓને ધી નેગોશીયેએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામા આવે છે અને સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામા આવે છે અને મુદ્દા નં.(૨) અંગે સાંભળ્યા બાદ હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ. ૨૪ મી, માહે–એપ્રીલ,સને–૨૦૨૬ ના રોજ સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૪/૨૦૨૬ (કીર્તિસિંહ પ્રધાનજી ઠાકોર)
ગોધરા. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ગોધરા.
(બી.જે.પરમાર) **GJ 01168**

<u>**સજા બાબતે સાંભળ્યા.**</u>

જયારે મુદાનં–૧ નો નિર્ણય હકારાત્મક છે ત્યારે આરોપીને સજા અંગે સાંભળીને હુકમ કરવામાં આવે છે પંરતુ આ કેસમાં આરોપીને પુરતો સમય મળેલ છે તેમજ આરોપીને તેની પ્લી લીધી અને ટ્રાયલ ચાલેલ તે અંગેની આરોપીને જાણકારી છે અને તેનો કેસ અદાલતમાં ચાલે છે તે આરોપીની જાણમાં છે અને તેમ છતા આરોપી ચુકાદાના સ્ટેજે  હાજર રહેલ નથી તેમજ આરોપીના વકીલશ્રી પણ હાજર રહેલા નથી જેથી આરોપીપક્ષે  સજા અંગે કોઈ રજુઆત  નથી તેમ સ્પષ્ટ જણાય છે.વધુમાં આરોપી ગેર હાજર હોય તો પણ તેની ગેર હાજરીમાં સજા અંગે ચુકાદો જાહેર કરી શકાય આપી શકાય છે અને તે નામદાર ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાથી સ્પષ્ટ થાય છે. **Gujarat High Court  Sharad J. Savla Vs State of Gujarat reported in 2017(3) G.L.R. 2352**. આ સંજોગોમાં આરોપીને પોતાને જાણ હોવા છતા પણ હાજર રહેલ નથી અને તેમને કાયદાનો કોઈ ડર હોવાનુ જણાતુ નથી અને જે ખુજબ ગંભીર બાબત છે અને હવે માત્ર કેસ ચુકાદા માટે આરોપીની ગેરહાજરીના કારણે માત્ર મુદતમાં રાખવો યોગ્ય નથી અને જેથી આરોપીની ગેરહાજરીમાં સજા અંગેનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે અને જે ન્યાયી અને ઉચિત હોવાના તારણ ઉપર આ અદાલત આવે છે.

ફરીયાદપક્ષે પણ વારંવાર પોકાર કરવવા છતાં ફરીયાદી કે વિ.વ.શ્રી હાજર નથી, કે કોઇ રજુઆત નથી.

આરોપીના સદરહુ કૃત્યના કારણે ફરિયાદીને જે નાણાંકીય નુકસાન થયેલ છે તે માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ.૩૫૭(૩) હેઠળ ફરિયાદીને વળતર ચુકવવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાય છે. વધુંમાં ધીનેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટમાં વખતો વખત સુધારા કરી નવી

જોગવાઈઓ ઉમેરવામાં આવેલ છે કે, જેનાંથી કાયદાની મજબુત પકડ બની શકે કારણ કે આ કાયદાનો ઉદેશ ઝડપથી બદલતી વેપારીક અને આર્થિક પરીસ્થિતીમાં નાણાંનું મહત્વ ખુબજ રહેલું છે અને તેનાં થકીથી વ્યવહારમાં વિશ્વાસ અને ધંધાની લેવડ દેવડમાં ગતી આવે અને તેમાં વિશ્વાસ સંપાદીત થયેલો રહે તે છે. વધુંમાં નામ.સર્વોચ્ચ અદાલતે **સુગનથી શુરેસકુમાર વિરૂધ્ધ જગદીશન કે જે એ.આઈ.આર –૨૦૦૨ સુપ્રિમ કોર્ટ ૬૮૧** ના ચુકાદામાં જણાવેલ છે કે, જયારે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૫૭(૩) હેઠળ વળતર ચુકવણીનો આદેશ કરવામાં આવેલ હોય ત્યારે વળતર ચુકવવામાં થયેલ કસુર બદલ સજા ભોગવવાનો હુકમ થઈ શકે. જેથી મુદૃા નં.(૨) અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

## **–:: સજા અંગે આખરી હુકમ ::–**

**૧.** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે આ કામના આરોપી **મોહમંદ હનીફ અહમદ ચાંદા** નાઓને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવી આરોપીને ૨ (બે) વર્ષની ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** વધુંમાં આરોપીને એવો પણ હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ.૩૫૭(૩) અન્વયે ચેકની કુલ રકમ રુા.૧,૫૦,૦૦૦/– (અંકે રુપીયા એક લાખ પચાસ હજાર) પુરા ફરિયાદીને વળતર તરીકે દિન–૩૦ (ત્રીસ દિવસ) માં ચુકવી આપવાં. જો આરોપી સદરહુ રકમ ફરિયાદીને ચુકવવામાં કસુર કરે તો વધું દિન– ૪૫ (પીસ્તાલીસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**૩.** આ કામના આરોપી આ કેસમા જેલમા રહયા હોય તો ક્રી.પ્રો.કોડની કલમ.૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

**૪.** આ કામના આરોપી ચુકાદા સમયે હાજર રહેલા ન હોય વિનામુંલ્યે હુકમની નકલ આપવી નહી તેવો હુકમ કરવામા આવે છે.

**૫.** આરોપીને સજા અંગેનો ચુકાદો સંભળાવતા સમયે ગેરહાજર રહેલ હોય આરોપી વિરુદ્ધ ક્રી.પ્રો.કોડની કલમ. ૪૧૮(૨) અન્વયે સજા વોરંટ જારી કરવાનો હુકમ કરવામા આવે છે. વધુમા આરોપી સામે પકડ વોરંટ ઇસ્યુ કરવુ જે સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ અધિક્ષક,પંચમહાલ મુ.ગોધરાનાઓને બજવણી કરવા સારુ મોકલી આપવુ.

હુકમ આજ તારીખ. ૨૪ મી, માહે–એપ્રીલ,સને–૨૦૨૬ ના રોજ સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪/૪/૨૦૨૬ (કીર્તિસિંહ પ્રધાનજી ઠાકોર)
ગોધરા. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ગોધરા.
(બી.જે.પરમાર) **GJ 01168**